## સેક્ટર-૫ ગોગા મહારાજના મંદિરે પાટોત્સવનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

શ્રાવણ માસમાં હિન્દુ ધર્મના તહેવારોની વણઝાર આવતી હોય છે. તેમાં વિવિધ દેવી દેવતાઓની પૂજા અર્ચના કરી તેમના પરમ આશિષ મેળવવા તેમજ તેમને રિઝવી તેમના આશીર્વાદ પ્રાપ્ત કરવાનો ઉત્તમ માસ માનવામાં આવે છે. આજ માસમાં નાગપાંચમ પણ આગામી દિવસોમાં આવશે. હિન્દુ શાસ્ત્રોમાં નાગપાંચમનું અનેરૂ મહાત્મ માનવામાં આવે છે. તેના અનુસંધાને ગાંધીનગરના સેક્ટર-૫માં આવેલ ગોગા મંડળ દ્વારા મહારાજનો પાટોત્સવ નાગપાંચમના પાવન દિવસે મનાવવામાં આવનાર છે.

જય ગોગા મંડળ સેક્ટર-૫ દ્વારા આગામી નાગપાંચમના પવિત્ર દિવસે ગોગા મહારાજનો સાતમો પાટોત્સવનું આયોજન સેક્ટર-૫-બી, શોપીંગ સેન્ટર સામે કરવામાં આવનાર છે. આ પ્રસંગે સવારે ૮ કલાકે યજ્ઞનો પ્રારંભ થશે અને સાંજે ૪ કલાકે યજ્ઞની પૂર્ણાહૂતિ થશે. તેમજ સાંજે ૪.૩૦ કલાકે આરતી થશે અને સાંજે ૫ કલાકે મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આવા પાવન અવસરે ગોગા યુવક મંડળ દ્વારા દરેક ભાવિકભક્તોને નિમંત્રણ પાઠવવામાં આવે છે.

# સે-૫માં બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયા : ૧.૦૭ લાખની ઘરફોડ

### મકાનમાલિક પરિવાર સાથે અમદાવાદ ગયા હતા : સવારે પડોશીએ તેમના મકાનના તુટેલા તાળા અંગે જાણ કરી હતી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરના સેક્ટર-૫-એમાં બંધ મકાનમાં ગત રાત્રી દરમિયાન તસ્કર ટોળકી ત્રાટકી હતી. દરવાજાના નકુચામાં લોખંડનું સાધન ભરાવીને નકુચો તોડી નાંખી મકાનમાંથી રોકડ તથા સોના ચાંદીના દાગીના મળીને રૂ. ૧.૦૭ લાખની કિંમતના મુદ્દામાલ ચોરીને તસ્કરો ફરાર થઈ ગયા હતા. મકાન માલિકની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને ઊંડી તપાસ શરુ કરી છે.

સેક્ટર-૫-એ પ્લોટ નં. ૧૩૫૬/૧ ખાતે રહેતા નિરવભાઈ મગનભાઈ પટેલ ગાંધીનગરની જ એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ગઈ કાલે સાંજે ૮ વાગ્યે નિરવભાઈ પરિવાર સાથે અમદાવાદ ગયા હતાં. આજ સવારે સવા સાત વાગ્યે પડોશીનો ફોન આવ્યો કે તેમના મકાનના દરવાજાનો નકુચો તુટેલો છે. તાત્કાલિક તેઓ ઘરે આવી પહોંચ્યા હતા અને તપાસ કરતાં રાત્રિ દરમિયાન તસ્કરો તેમના મકાનમાં હાથફેરો કરી ગયા હોવાનું ખુલ્યું હતું. રોકડ તથા સોના ચાંદીના દાગીના મળીને કુલ રૂ. ૧,૦૭,૬૦૦ની મત્તાની ચોરી કરીને તસ્કરો ફરાર થઈ ગયા હતાં. ફીંગર પ્રિન્ટ નિષ્ણાંત તથા ડોગ સ્કવોર્ડની મદદ લઈને સે-૭ પોલીસ મથકના પી.એસ.આઈ. જી.કે. પરમારે ઊંડી તપાસ શરુ કરી છે.

## તાંત્રીક વિધી બાદ હત્યા પ્રકરણમાં દાગીના ૭.૫૦ લાખમાં વેચાયાનું ખુલ્યું

### આપઘાત કરી લેનાર વિધવા મહિલા જ સોનીને દાગીના વેચવા ગઈ હતી : થલતેજની મહિલાની હત્યા ત્રણેક દિવસ અગાઉ થયાની શક્યતા

ગાંધીનગર, તા. ૨૩

કલોલમાં બનેલી ચકચારી ઘટનામાં હત્યારાઓ સુધી પહોંચવા પોલીસની મથામણ ચાલી રહી છે. દાગીના સાથે ગુમ થયેલી થલતેજની મહિલાનો મૃતદેહ રણછોડપુરાથી મળી આવ્યો હતો. તાંત્રીક વિધી બાદ હત્યા કરાઈ હોવાનું પ્રાથમિક તબક્કે બહાર આવ્યું છે. મહિલાની હત્યા ત્રણેક દિવસ પહેલા થઈ હોવાની આશંકા છે. હત્યા સંદર્ભે પુછતાછ થતા આપઘાત કરી લેનાર કલોલની વિધવા મહિલાએ ગુમ થયેલા દાગીના અમદાવાદના સોનીને વેચીને ૭.૫૦ લાખ રૂપિયા લીધા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. હત્યામાં કોની કોની સંડોવણી હતી તેની તપાસ માટે પોલીસ શકમંદોનું ઈન્ટ્રોગેશન કરી રહી છે.

થલતેજથી દાગીના સાથે ગુમ થયેલા ગીતાબેનનો મૃતદેહ જ્યાંથી મળ્યો તેની બાજુમાંથી તાંત્રીક વિધીનો સામાન મળી આવ્યો છે. તેની બાજુના બોરડીના ઝાડ પર કાળા રંગના છાંટા જોવા મળ્યા છે. સમય જાય એટલે લોહીનો રંગ પણ બદલાતો હોવાથી ઝાડ પરના કાળા છાંટા લોહીના છે કે કેમ તેની તપાસ ચાલી રહી છે. શરૂઆતથી જ આ પ્રકરણમાં રહસ્ય રહ્યુ હતુ ત્યારે પી.એમ.માં મહિલાની ખોપડીમાં ક્રેક પડવાથી મૃત્યુનું કારણ બહાર આવતા હત્યા થયાનું ખુલ્યુ હતુ.

શંકાના ઘેરામાં રહેલી કલોલની વિધવા મહિલા સૂર્યાબેને પોલીસની પુછપરછ બાદ આપઘાત કરી લેતા મામલો વધુ રહસ્યમય બન્યો છે. પોલીસની તપાસમાં બહાર આવ્યું છે કે જેણે આપઘાત કરી લીધો તે મહિલા સૂર્યાબેને ગુમ થયેલા દાગીના અમદાવાદના સોનીને વેચી નાંખ્યા હતા. પોલીસ સોની સુધી પહોંચી ગઈ હતી. તેણે કહ્યુ હતુ કે સૂર્યાબેનને દાગીનાના ૭.૫૦ લાખ રૂપિયા આપ્યા હતા. આ રૂપિયા કોણે રાખ્યા અને અત્યારે ક્યાં છે ? તે ઉપરાંત હત્યા કરવામાં કોનો કોનો હાથ છે તે સહીતની વિગતો બહાર લાવવા કલોલ તાલુકા પી.આઈ. બી.એન. દવેએ શકમંદોની સઘન પુછપરછ શરૂ કરી છે.

## સેક્ટર-૬માં ગણિત - વિજ્ઞાન પ્રદર્શનમાં વિદ્યાર્થીઓએ ૬૦ મોડેલ્સ રજૂ કર્યા

### શહેરની ૩૫ શાળાઓએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૩

સે-૬ સરકારી પ્રાથમિક શાળા ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૩નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરની ૩૫ શાળાઓએ ભાગ લઈ વિવિધ ૬૦ જેટલા રસપ્રદ મોડેલ્સ રજુ કર્યા હતાં.

જિલ્લા શિક્ષણ તાલીમ ભવન તેમજ શાસનાધિકારીની કચેરીના સંયુકત ઉપક્રમે સે-૬ સ્થિત સરકારી પ્રાથમિક શાળામાં યોજાયેલા ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં શહેરની સરકારી તેમજ ખાનગી શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.





શાળાના વિદ્યાર્થીઓએ પ્રાર્થના અને સ્વાગતગીત રજૂ કર્યા બાદ ઉપસ્થિત મહાનુભાવોએ દિપ પ્રાગટય કર્યું હતું. આ તબક્કે જી.સી.ઈ.આર.ટી.ના નિયામક મનોજ શાહ, ટી.એમ.જોષી, લાયોનેસ પ્રમુખ આરતી ભટ્ટ, જલારામ મહિલા મંડળના પ્રમુખ કુસુમબેન તન્નાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા. આ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં ૩૫ શાળાઓના વિદ્યાર્થીઓએ જુદા જુદા ૬૦ મોડેલ્સની રસપ્રદ કૃતિઓ રજૂ કરી હતી. આ તબક્કે વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને ઈનામો એનાયત કરવામાં આવ્યા હતાં.

## ગાંધીનગર અને તલોદ વચ્ચે સવાર સાંજ એસ.ટી. બસ શરૂ કરવા માંગ

### ગાંધીનગર અને અમદાવાદથી ૧૫૦ કરતાં વધારે નોકરીયાત વર્ગ તલોદમાં આવે છે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરથી તલોદ સવારના સમયે આવવા કોઈ જ એસ.ટી.બસની સગવડ નથી. જેથી ગાંધીનગર અને તલોદ વચ્ચે સવારે ૯ વાગે ગાંધીનગરથી ઉપડતી અને સાંજે તલોદથી જતી બસ શરૂ કરવા આશરે ૧૫૦ થી વધુ નોકરી કરતાં સરકારી કર્મચારીઓએ માંગ કરી છે. હાલ જીવના જોખમે પણ ફરજ ઉપર આવવા મજબૂરી બની છે ત્યારે આ સુવિધા ઉપલબ્ધ થાય તેવું તંત્ર દ્વારા આયોજન આવશ્યક બન્યું છે.

ગાંધીનગર, અમદાવાદ અને ચિલોડાથી રોજ સવારે દૈનિક ૧૫૦થી વધુ કર્મચારીઓ તલોદ તેમજ આજુબાજુ નોકરી અર્થે આવી રહ્યા છે. એસ.ટી.બસની કોઈ જ સગવડ ઉપલબ્ધ ન હોવાથી જીવના જોખમે ખાનગી વાહનોમાં ફરજ ઉપર આવવા મજબૂર આ ફરજ કર્મીઓની હાલત દયનીય થઈ છે.

જેમાં તલોદ માટે આશીર્વાદરૂપ કપચી ઉદ્યોગની ટ્રકો મેશ્વો નદી ઉપરના બંધ થયેલા વાહન વ્યવહારથી આવતી નથી જેથી ફરજ નિભાવવી એ કાળા પાણીની સજા સમાન બની છે. તલોદમાં વિજકંપની, રાષ્ટ્રીયકૃત અને ખાનગી બેંકો, શાળાઓ, કોલેજો, મામલતદાર કચેરી, તાલુકા કચેરી તથા અન્ય ઠેકાણે નિયમિત અનેક કર્મચારીગણ ફરજ ઉપર આવી રહ્યા છે.

જેથી ગાંધીનગરથી વાયા ચિલોડા સવારે ૯.૦૦ વાગે એસ.ટી. બસ શરૂ થાય અને સાંજે તલોદથી ૫.૪૫ વાગે ગાંધીનગર તરફ બસ જાય તેવી રીતે વાહન-વ્યવહારની વ્યવસ્થા હાથ ધરાય તેવી લેખિત સહીઓ સાથેની માંગ કરતી અરજી તલોદ મામલતદારને સુપરત કરાઈ છે.

આ અંગે જે તે સત્તાવાળા તથા સ્થાનિક નેતાગીરી પણ અગંત રસ લઈ તલોદમાં આવ્યાં કર્મચારીઓને મુસાફરી અંગેની યોગ્ય સુવિધા ઉપલબ્ધ કરાવે તે તલોદ અને વહિવટી તંત્ર ઈચ્છનીય હોવાનું પીડીડી કર્મચારીઓ જણાવી રહ્યાં છે.

## ચિલોડા ખાતે બળેલા એ.ટી.એમ.માંથી રૂ. ૪.૮૭ લાખ સહી-સલામત મળ્યા

ચિલોડા, તા. ૨૩

ગાંધીનગર નજીક આવેલ ચિલોડા સ્થિત શિવમ કોમ્પલેક્ષમાં આવેલ એસ.બી.આઈ. એ.ટી.એમ. સેન્ટર બે દિવસ અગાઉ લાગેલી આગામાં ખાખ થઈ ગયું હતું. જે એ.ટી.એમ. આજે મુંબઈથી આવેલી ટીમ દ્વારા પોલીસની હાજરીમાં ખોલવામાં આવ્યુ હતુ અને અંદર રહેલ રૂ. ૫,૦૯,૯૦૦ની રોકડ રકમ ચેક કરવામાં આવતા ફાયર પ્રુફ કેસ બોક્ષ હોવાથી રૂ. ૪.૮૭ લાખ સલામત હોવાનું ખુલ્યુ છે. બાકીના રૂપીયા પૈકી મોટાભાગની ચલણી નોટો અર્ધી બળી ગઈ હતી. જ્યારે રૂ. ૨૪૦૦ની નોટો સાવ બળીને રાખ થઈ ગઈ હતી.

ગાંધીનગર નજીક આવેલ ચિલોડાના શિવમ કોમ્પલેક્ષમાં સ્થિત એસ.બી.આઈ.ના એ.ટી.એમ. સેન્ટરમાં બે દિવસ અગાઉ અચાનક જ આગ ભભૂકી ઉઠી હતી. જેમાં અનેક સામગ્રી બળીને ખાખ થઈ જતા લાખો રૂપિયાનું નુકશાન થવા પામ્યુ છે. જ્યારે એ.ટી.એમ. સેન્ટરમાં રહેલુ રૂપિયા ભરેલુ કેશબોક્ષ પણ બળીને રાખ થઈ ગયુ હતુ. પરંતુ અંદર રહેલા રૂપિયા કેટલા બળીને રાખ થઈ ગયા છે તે પ્રશ્ન લોકોને સતાવતો હતો. પરિણામે આજે મુંબઈથી આવેલી ટીમે પોલીસ અને પંચોની હાજરીમાં રૂ. ૫,૦૯,૯૦૦ ભરેલુ કેશ બોક્ષ ગેસ ગટરથી કાપીને ખોલ્યુ હતુ. અને તેમા રહેલ રૂ. ૪,૮૭,૦૦૦ રોકડ રકમ બહાર નીકળી હતી. જ્યારે રૂ. ૨૦,૫૦૦ની નોટો અર્ધી બળેલી હાલતમાં મળી આવી છે. જ્યારે રૂ. ૨૪૦૦ની નોટો સાવ બળીને રાખ થઈ ગયેલી હાલતમાં મળી આવી છે.

### આજે આંબેડકર હોલમાં ગીત સંગીતનો કાર્યક્રમ

ગાંધીનગરના કલાકાર મિત્રો દ્વારા પાર્શ્વ ગાયક સ્વ. મુકેશ અને વોઈસ ઓફ મુકેશ તરીકે ઓળખાતા સ્વ. ગોપાલભાઈ નાયકને શ્રદ્ધાંજલિ આપતો ગીત સંગીતનો કાર્યક્રમ આજે તા. ૨૪મી ઓગષ્ટ ૨૦૧૩ને શનિવારે રાત્રે ૮.૩૦ કલાકે આંબેડકર હોલ, સેકટર-૧૨ ગાંધીનગર ખાતે યોજાશે.


### આજે ગાંધી મિત્ર વર્તુળની માસિક બેઠક

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની ઓગષ્ટ ૨૦૧૩ની માસિક બેઠક આજે ૨૪મી ઓગષ્ટને શનિવારે સાંજે ૫ કલાકે ગાંધીજન ગીજુભાઈ ત્રિવેદીના નિવાસ સ્થાન બ્લોક નં. ૬૨૮, વાસ્તુ નિર્માણ સોસાયટી, સેકટર-૨૨, ગાંધીનગર ખાતે મળશે. સૌ ગાંધી મિત્રોને સમયસર ઉપસ્થિત રહેવા સંયોજક ભાનુપ્રસાદ પુરાણીએ જણાવ્યું છે.

## ગાંધીનગર ખાતે સ્વૈચ્છિક પાલન પ્રોત્સાહન યોજના પર પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

કમિશનર કેન્દ્રીય આબકારી અને સર્વિસ ટેક્સ અમદાવાદ-III દ્વારા




સર્વિસ ટેક્સ સ્વૈચ્છિક પાલન પ્રોત્સાહન યોજના-૨૦૧૩ બાબતે ગેઝીયા સેમીનાર હોલ, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૫, ગાંધીનગર ખાતે તારીખ ૨૨-૮-૨૦૧૩ ના રોજ બપોરે ૧૫.૩૦ કલાકે આયોજન કરવામાં આવેલ હતું. શ્રી ઉમાશંકર, કમિશનર કેન્દ્રીય આબકારી અને સર્વિસ ટેક્સ અમદાવાદ- સ્વૈચ્છિક - III સ્વૈચ્છિક પાલન પ્રોત્સાહન યોજના-૨૦૧૩ (વિ.સિ.ઈ.એશ.) ઉદ્દેશ બાબતે માહિતગાર કરતા જણાવ્યું હતું કે જે પણ વ્યક્તિઓ દ્વારા ઓક્ટોબર-૨૦૦૭ થી ડિસેમ્બર ૨૦૧૨ દરમ્યાન કાયદાની અજ્ઞાનતા અથવા અન્ય કોઈ પણ કારણસર સર્વિસ ટેક્ષ ન ભર્યા હોય તેમને સર્વિસ ટેક્ષ જાહેર કરવા તથા ફાઈનાન્સ એક્ટ, ૧૯૯૪નું પાલન કરવા માટે અને પ્રોત્સાહિત કરવા માટે સ્વૈચ્છિક પાલન પ્રોત્સાહન યોજના-૨૦૧૩ (વિ.સિ.ઈ.એશ.) યોજના અમલમાં લાવવામાં આવેલ છે. આ તમામ વ્યક્તિઓ માટે સર્વિસ ટેક્ષ ભરીને વ્યાજ, દંડ અને અન્ય પરિણામ માફી મેળવી શકે છે. આ પરિસંવાદમાં સર્વિસ ટેકસ કરદાતાઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. શ્રીમતી મનપ્રીત આર્ય અને શ્રી માનસ રંજન મોહંતી, એડીશનલ કમિશનર કેન્દ્રીય આબકારી અને સર્વિસ ટેક્સ અમદાવાદ-III પણ પરિસંવાદમાં હાજર રહેલ હતા.

## વિટકોસની ચિલોડા ઘ-રોડ બસ નિયમિત થતા મુસાફરોમાં આનંદ

### નિયમિતતાથી આવકમાં થયેલો વધારો, મુસાફરોમાં રાહત સાથે વિશ્વાસ વધ્યો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરની શહેરી બસ સેવા વિટકોસ મુસાફરોની જરૂરિયાત અને સુવિધા માટે પ્રયત્નશીલ હોય છે. જેમાં ઘણા સમયથી ચિલોડા ઘ-રોડની અનિયમિતતા અંગે વારંવાર ફરીયાદો ઉઠવા પામી હતી. જેને સંચાલકોએ તેમજ વહીવટી અધિકારીઓ દ્વારા ગંભીરતાથી લઈ નિયમિત કરવા ઉપર ભાર મુક્યો હતો. જેના પરિણામ સ્વરૂપ હાલ ઘ-રોડ બસ નિયમિત થતાં મુસાફરોમાં આનંદ, વિશ્વાસ અને રાહતની લાગણી પેદા થઈ છે.

ગાંધીનગરમાં આંતરિક અને બાહ્ય મુસાફરીના શ્રેષ્ઠ પર્યાયરૂપ વિટકોસ તેની સેવા બાબતે કટિબદ્ધ બની છે. જો કે ચિલોડા ઘ-રોડ બસ માટે વારંવાર સંચાલકો સુધી ફરીયાદ થતી રહેતી હતી. જેમાં મોટાભાગે ધંધો-રોજગાર અને નોકરીએ જતા દૈનિક મુસાફરોને ભારે હાલાકી પહોંચતી હતી.

પરંતુ વિટકોસના સંચાલકો હરેશભાઈ ડોડીયા, હુશેનભાઈ માંકડ, વહવટી અધિકારી ગંભીરસિંહ, કન્ટ્રોલર અરવિંદસિંહ, નિર્મલસિંહ જાડેજા, ઈશાકભાઈ વગેરે પોતાની બસસેવા અર્થે ચિંતીત બની નિયમિત કરવા કમર કસી હતી. જેના ભાગરૂપે વિટકોસના ડ્રાયવર મનોજભાઈ તથા રમણભાઈએ પૂર્ણ સહકાર પૂરો પાડતા હાલ ચિલોડા-ઘ-રોડ નિયમિત પોતાના માર્ગ ઉપર દોડી રહી છે. જેના પરિણામ સ્વરૂપ બસની આવકમાં વધારો થયો છે અને મુસાફરોમાં બસ પ્રત્યે વિશ્વાસ વધ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ માર્ગ ઉપર એક માત્ર આ બસ મુકાયેલી છે ત્યારે આ બસને રદ કરી અન્ય માર્ગ ઉપર ન મુકવા મુસાફરોએ ઈચ્છા વ્યક્ત કરી છે. જો કે હરેશભાઈ ડોડીયા વિટકોસ બસ સેવા અર્થે સખત મોનીટરીંગ કરે છે અને હુસેનભાઈ માંકડ સાથે બસ ડેપોમાં આવી દેખરેખ પણ રાખે છે જેથી મુસાફરોને શ્રેષ્ઠ બસસેવા પુરી પાડી શકાય તે હેતુ છે.

## આજે દિવ્ય જીવન સંઘમાં આધ્યાત્મિક પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર દિવ્ય જીવન સંઘ શાખાનું આધ્યાત્મિક પ્રવચન આજે સાંજે ૭ કલાકે સેક્ટર-૨૭, ગાંધીનગર ખાતે યોજાશે.

દિવ્ય જીવન સંઘ શાખાના કાર્યાલય ૨૦૫, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર ખાતે આજે શ્રી અરવિન્દનો પૂર્ણ યોગના વિષય પર શ્રી અરવિન્દ કેન્દ્રના ડૉ. સી.કે. તન્નાનું આધ્યાત્મિક પ્રવચન યોજાશે. જેનો આધ્યાત્મપ્રેમી જાહેર જનતાને લાભ લેવા માનદ મંત્રીએ ખાસ જણાવ્યું હતું.

### આજે પંચદેવ મંદિર ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

શ્રી પંચદેવ મંદિર સેક્ટર-૨૨ ખાતે હનુમાનદાદાના મંદિરના ઓટલે કાન્તિભાઈ યોગી પ્રેરિત તેમની વ્યાસપીઠે તા. ૨૪ ઓગષ્ટ-૨૦૧૩ને રવિવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. પાઠમાં પધારવા સર્વે ભાવિક ભક્તોને અનુરોધ કરવામાં આવ્યો છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૩
સૂર્યાસ્ત : ૭.૦૧

### તાપમાન

મહત્તમ : ૩૨.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૭૫ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્કીન-૧ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ: ૧૦.૦૦, ૩.૪૫, ૯.૫૫
ટીનેઝર ગેંગ (ગુજરાતી): ૬.૪૫

: સ્કીન-૨ :
મદ્રાસ કાફે: ૯.૩૦, ૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્કીન-૩ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧.૩૫
મદ્રાસ કાફે: ૧૦.૫૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

: સ્કીન-૪ :
ચેન્નાઈ એક્સપ્રેસ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**સૂર્યા, વાવોલ**

વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વોન્ટેડ ચાઈલ્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્કીન-૧ :
મદ્રાસ કાફે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્કીન-૨ :
ધ લાઈટ સ્વામી વિવેકાનંદ : ૧૦.૦૦, ૩.૦૦, ૫.૩૦
ટીનેઝર ગેંગ (ગુજરાતી) : ૧૨.૩૦, ૮.૦૦

: સ્કીન-૩ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧.૧૫, ૭.૧૫

**ચિરાગ, કલોલ**

મા બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

**ટાઉન હોલ**

- કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે 'દીકરો મારો લાજવાબ' નામક નાટક.

**ધાર્મિક**

- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે મહેશભાઈ જાની, ૧૫૪/૯ ચીપ ટાઈપ શોપીંગની બાજુમાં શિવ મહિમ્ન પાઠ તથા સ્તુતિ વંદના.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે રાતના ૯.૦૦ કલાકે દિપકભાઈ જાનીના નિવાસ સ્થાન આનંદ ફ્લેટ, પ્લોટ નં. ૫૬૦ (પાયલ કલર લેબ) ખાતે શિવ મહિમ્ન પાઠ અને સ્તૃતિ વંદના.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે બાલકૃષ્ણભાઈ જોશીના નિવાસ સ્થાન ૧૩૨૪/૧, સેક્ટર-૩/સી, ખાતે શિવ મહિમ્ન પાઠ અને ભક્તિ વંદના.

### આપની આજ

**મેષ** : માનસિક સંયમનું પાલન કરવું. આર્થિક વિવાદોમાં વિશેષ કાર્ય થઈ શકે છે. કલાત્મક કાર્યોમાં લાભ પ્રાપ્તિનો થવાની સંભાવના છે. શારીરિક પીડામાંથી રાહત મેળવી શકાય.

**વૃષભ** : વિશેષ લેવડ-દેવડમાં ધ્યાન રાખવું. કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ બની રહે. જમીન- મકાનની ખરીદી થઈ શકે છએ. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે.

**મિથુન** : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ થઈ શકે છે. વાહન -જમીન- મકાનનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. યાત્રા- પ્રવાસનું આયોજન લાભદાયી રહે.

**કર્ક** : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રા થવાની સંભાવના છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**સિંહ** : આર્થિક સમસ્યાઓ પર કાર્ય થઈ શકશે.સંતાન પક્ષ, મનોરંજન સંબંધી કાર્ય થશે. સંઘર્ષ ટાળવો. નાણાંકીય મુશ્કેલીઓ દૂર થતી જણાય. ભાગ્યોદયનો સાથ મળી રહે.

**કન્યા** : કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે છે. આકસ્મિક ધન લાભ થઈ શકે છે. અકંદરે સમય સાનુકૂળ રહે.

**તુલા** : પદ, પ્રતિષ્ઠા, ભવન ,કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થશે. નાણાકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વાહન -જમીનનાં પ્રશ્નોનું નિરાકણ થઈ શકે છે. સમય શુભ.

**વૃશ્ચિક** : જ્ઞાન-શિક્ષા, સંશોધન વગેરે પર સમયનો વ્યય ન થાય. કર્મક્ષેત્રે સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાન સંબંધી પ્રશ્નોનનો ઉકેલ આવી શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી સાબિત થઈ શકે છે.

**ધન** : ગહન શોધ વગેરેમાં સમય પસાર થશે, જ્ઞાન વૃદ્ધિનાં કાર્ય થશે. સ્નેહી- મિત્રજનો સાથે યાત્રા -પ્રવાસનું આયોજન થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**મકર** : માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે. સ્થાવર મિલકતની ખરીદી થઈ શકે છે. વેપાર અર્થે નવા રોકાણો થઈ શકે છે.

**કુંભ** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. ધર્મ, આધ્યાત્મ, ગૂઢ શોધ જેવા કાર્યોમાં સમય પસાર થશે. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવકના સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં સમય પ્રગતિદાયક બની રહે.

**મીન** : પરિવાર, વેપાર બૌદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

### ચિરવિદાય

- સ્વ. કુંવરબેન શીવાભાઈ દંતાણી (ઉ.વ.૮૦) સેક્ટર-૧૪ના છાપરાં, ગોકુળપુરા, ગાંધીનગર.